# લોકપ્રકાશ ગ્રંથ

- ડૉ. પાર્વતી ખીરાણી (ગાલા)

માનવી એક ચિંતનશીલ પ્રાણી છે. એના ચિંતનને કથનરૂપે આબેહૂબ વ્યક્ત કરી શકે એવું અમૂલ્ય વરદાન એને પ્રાપ્ત થયું છે. અને એનાથી જે પ્રાપ્ત થાય છે, એને આપણે સાહિત્ય કહીએ છીએ. એ સાહિત્ય દ્વારા જ આપણે એકબીજાને સમજી શકીએ છીએ, એકબીજાના ભાવો જાણી શકીએ છીએ, કુદરતના અંતરાંગમાં રહેલી શક્તિઓને અનુભવી શકીએ છીએ એવા અનેક કારણોસર આ સાહિત્ય અત્યંત મહત્વનું છે.

જગતના જેટલા સાહિત્ય છે એમાં જૈન સાહિત્યનું એક અદકેરું મહત્વ રહેલું છે. જૈન સાહિત્ય જ્ઞાન, વિજ્ઞાન, ભૂગોળ, ખગોળ, આર્થિક, ધાર્મિક અનેક શાખાઓની રીતે જોઈએ તો એનો અનુપમ ખજાનો રહેલો છે. આ સાહિત્ય એ શ્રુતજ્ઞાનનો જ એક ભાગ છે. એ શ્રુતજ્ઞાનના જ લીધે આપણું જૈન સાહિત્ય જીવંત રહ્યું છે. એ શ્રુતજ્ઞાન પાંચમાં છેડાના આરા સુધી અવિરત રહ્યું છે, અને રહેવાનું જ છે. અને આ શ્રુતજ્ઞાન નષ્ટ ન થાય તે માટે પુસ્તકલેખન અથવા સાહિત્યલેખન સાધુ ભગવંતો દ્વારા સતત થતું રહ્યું છે. તેમજ શ્રાવકોને પણ આ માટે પ્રેરણા આપવામાં આવે છે. જેને કારણે જૈન સાહિત્ય અત્યંત સમૃદ્ધ બન્યું છે.

શ્રુતજ્ઞાન જીવંત રહે માટે ગ્રંથકારોએ, સાધુ ભગવંતોએ ગ્રંથોની રચના કરી, જેને કારણે જૈન સાહિત્ય અત્યંત સમૃદ્ધ બન્યું છે. અને આ જૈન સાહિત્યના અત્યંત સમૃદ્ધ વિભાગમાંથી 'લોકપ્રકાશ' નામના વિશિષ્ઠ ગ્રંથ વિશે જાણીશું.

## ➢ ગ્રંથકારનો પરિચય

કોઈ પણ ગ્રંથ પર દ્રષ્ટિપાત કરવો હોય તો સર્વપ્રથમ તેના રચયિતા કોણ છે? એ જાણવાની જિજ્ઞાસા બુદ્ધિશાળી, તર્કશીલ ભાવકને અવશ્ય થાય. આ ગ્રંથ કોણે રચ્યો? શા માટે? ક્યારે? એવા સવાલો પણ ઉપસ્થિત થાય. જેથી આ ગ્રંથ કેટલો વિશ્વસનીય છે? વાંચવા જેવો છે કે નહીં? એની માહિતી મળી શકે, માટે ગ્રંથકારનો પરિચય મેળવવો જરૂરી છે.

એ ઉપરાંત રચયિતાનો પરિચય મેળવવાથી એમના પ્રત્યે બહુમાન પ્રગટ થાય છે. જ્ઞાનાવર્ણિય કર્મનો ક્ષય થાય છે, તથા જ્ઞાનની વૃદ્ધિ થાય છે, ઘણીવાર તો પરિચિત ગ્રંથકારના

નામમાત્રથી એમની કૃતિ વાંચવાનું આકર્ષણ જાગે છે. એનો અનુભવ વાચકોને પણ ક્યારેક ક્યારેક થયો જ હશે. એ ન્યાયે અહીં ગ્રંથકારનો અછડતો પરિચય પ્રસ્તુત છે.

આ પરિવર્તનશીલ સંસારમાં ભ્રમણ કરતા અનંતાનંત જીવરાશિમાંથી એક જીવ ૧૭મી સદીમાં રાજશ્રીમાતાની હૂંફ અને તેજપાલ પિતાશ્રીનું પ્રેમાળ સાનિધ્ય મેળવતો મેળવતો વિનુલાલની પર્યાયમાં આવ્યો. એ જીવમાં દેવાંશી તત્વ હતું, આંખોમાં જિજ્ઞાસાનું અંજન હતું, સ્વભાવમાં સાલસતા હતી, વ્યવહારમાં વિનય હતો, બોલવામાં બુદ્ધિમત્તાની છટા હતી, જે તે વખતના ૬રની પાટ પર બિરાજતા પૂજ્યપાદ વિજયપ્રભુસુરી મહારાજના સુશિષ્ય પૂજ્ય કિર્તીવિજયજી મહારાજની દ્રષ્ટિમાં આવતા તેમને પોતાના શિષ્ય તરીકે સ્વિકાર્યા. પછી એમને પ્રાથમિક અભ્યાસ શરૂ કરીને ઉત્તરોતર આગમ અભ્યાસ, ન્યાયશાસ્ત્રનો અભ્યાસ તથા વ્યાકરણશાસ્ત્રનો અભ્યાસ કરાવ્યો. અનુભવી પ્રકાંડ પૂજ્ય આગમવિદ આ ભગવંતો પાસેથી પ્રાથમિક જ્ઞાન મેળવ્યા પછી ગુજરાતના મોટા ગજાના વિદ્વાન પંડિતો પાસેથી પણ જ્ઞાન મેળવ્યું. વિશેષ જ્ઞાનાર્જન કરવવા માટે કાશીના અત્યંત સૂક્ષ્મતા પૂર્વક અભ્યાસ કરાવે એવા પંડિત પાસે ભણવા મોકલ્યા. કુશાગ્ર બુદ્ધિ અને તીવ્ર યાદશક્તિના કારણે તેમણે મોટાભાગના ગ્રંથોનું જ્ઞાન આત્મસાત કરી લીધું. પૂજ્ય પંડિત પાસે ન્યાયનો એક વિશિષ્ટ ગ્રંથ હતો જે એમના પોતાના સંતાનો સિવાય કોઈને ભણાવાય નહીં એવો શિરસ્તો હતો. જે પૂજ્ય વિનયવિજયજી અને એમની સાથે ભણવા આવેલા સહપાઠી પૂજ્ય યશોવિજયજી મહારાજસાહેબના ધ્યાનમાં આવ્યું. એનું જ્ઞાન મેળવવા ગુરુજીને બુદ્ધિપ્રતિભા અને જ્ઞાનથી રિઝવવા માંડ્યા. પંડિતજી પણ એમના વિનયભર્યા વર્તનથી રીઝી ગયા, પરંતુ આ ગ્રંથ તો પોતાના કુળ સિવાય કોઈને ભણાવાય નહિ એટલે એમણે મધ્યમમાર્ગ કાઢ્યો એ ગ્રંથનું એ બન્ને શિષ્યો પાસે માત્ર વાંચન કરાવવાનો નિર્ણય લીધો. શુભ મુહર્તે ૧૨૦૦ ગાથાના આ ગ્રંથનું વાંચન શરૂ થયું. તેમાંથી ૭૦૦ શ્લોક યશોવિજયજી મહારાજે અને ૫૦૦ શ્લોક પૂજ્ય વિનયવિજયજી મહારાજે કંઠસ્થ કરી લીધા અને પોતાના ઉતારે આવીને પોતાના સુશ્રાવકોની સહાયથી લખી લીધા એ શ્લોકો ગુરુજીને બતાવતા ગુરુજી અત્યંત પ્રસન્ન થયા.

એ બંને મહારાજ ઉપાધ્યાય પદને અનુરૂપ ગુણો ધરાવતા હોવાથી યથાયોગ્ય સમયે એમને ઉપાધ્યાય પદથી નવાજવામાં આવ્યા. અભ્યાસ પૂર્ણ થતાં પૂજ્ય ઉપાધ્યાય વિનયવિજયજી ગુજરાતના વિવિધ ક્ષેત્રોમાં ચતુર્માસ કરતા પોતાના જ્ઞાનનો પ્રકાશ રેલાવતાં રહ્યા. જ્ઞાનની ભક્તિ કરતા કરતા અનેક ગ્રંથોની રચના કરી. જે નીચે પ્રમાણે છે.

- ૧)કલ્પસૂત્ર ઉપર સુબોધીકા ટીકા

- ૨)લોકપ્રકાશ ગ્રંથ
- ૩) હેમ પ્રક્રિયા
- ૪) નયકર્ણીકા
- ૫) ઇન્દ્રદૂત
- ૬) શાંતસુધારસ
- ૭) ષટત્રિશત-જલ્પસંગ્રહ
- ૮) અર્હ ત્રમસ્કારસ્તોત્ર
- ૯) જીન સહસ્ત્રનામ સ્તોત્ર
- ૧૦) આનંદલેખ
- ૧૧) સુર્યપુર ચૈત્ય પરિપાટી
- ૧૨) વિજયસુરીલેખ
- ૧૩) ઉપમિતિ ભવપ્રપંચનું સ્તવન
- ૧૪) પાંચ સમાવાય સ્તવન
- ૧૫) ચોવીશી સ્તવન
- ૧૬) વિશી સ્તવન
- ૧૭) પુણ્ય પ્રકાશ
- ૧૮) વિનય વિલાસ
- ૧૯) ભગવતી સુત્રની સજ્જાય
- ૨૦) શ્રી આદિ જીનવિનંતી
- ૨૧) ષડાવશ્યક સ્તવન
- ૨૨)ચૈત્યવંદન
- ૨૩) ઉપધાન સ્તવન
- ૨૪) શ્રીપાલ રાજાનો રાસ.

શ્રીપાલ રાજાનો રાસ રચતા રચતા જ પૂજ્ય ઉપાધ્યાય વિનયવિજયજી મહારાજ કાળધર્મ પામ્યા. અધૂરો રાસ તેમના સહપાઠી યશોવિજયજી મહારાજે પૂર્ણ કર્યો. આમ પૂજ્ય વિનય વિજયજી મહારાજ સાહેબે ઈ.સ. ૧૭૩૮માં રાંદેર મુકામે પોતાની જીવનલીલા સંકેલી લીધી.

સમગ્રત જોતા ખ્યાલ આવે છે કે ઉપાધ્યાય પૂજ્ય વિનયવિજયજી એ શ્રેષ્ઠ શાસન પ્રભાવક અને સમર્થ સર્જક બનીને જીવનને ઉજાગર કર્યું હતું. સમ્યક્ત્વના પ્રકાશથી પાવનપંથે ચાલતા ચાલતા સંયમને શણગારી દીધું હતું, અક્ષરે અક્ષરે આગમને આવકાર્યું હતું, તો શબ્દે શબ્દે સિદ્ધાંતોને સમજાવ્યા હતા. હૃદયમાં જ્ઞાનનું બહુમાન હતું તો ચિત્તમાં જ્ઞાનનું પરિમાર્જન હતું. મસ્તકમાં રહસ્યઘાટન કરવાની રિદ્ધિ હતી તો વક્તવ્યમાં એને પ્રસ્તુત કરવાની સિદ્ધિ હતી, વાક્યે વાક્યે વાદીઓને પરાસ્ત કરવાની બુદ્ધિ હતી તો શ્લોકે શ્લોકે સફળતા પમાડનારી સ્મૃતિ હતી. એવા પરમ સાધક, ઉપાસક, આરાધક, ઉપાધ્યાયજી મહારાજ સાહેબ ઇતિહાસને પાને સદાય માટે અમર બનીને રહેશે. એમના સર્જનની શ્રેષ્ઠ કૃતિ 'લોકપ્રકાશ' નું મૂલ્યાંકન કરવાનો અહીં પ્રયત્ન કરવામાં આવ્યો છે.

➢ **<u>લોકપ્રકાશ ગ્રંથ શીર્ષકની સાર્થકતા:</u>**

કોઈપણ કૃતિમાં શીર્ષકનું એક મહત્વપૂર્ણ સ્થાન હોય છે. શીર્ષક પ્રાયઃ કૃતિમાં રહેલા ભાવોને વ્યક્ત કરે છે. શીર્ષક સંક્ષિપ્ત હોવાની સાથે સાથે આકર્ષક અને રોચક પણ હોવું જરૂરી છે. એમાં કૃતિના સમસ્ત ભાવોને વ્યંજિત કરવાની ક્ષમતા, જીજ્ઞાસા, ઉદ્દેશ, સૂચકતા આદિ ગુણો હોવા જોઈએ.

એ રીતે વિચારતા લોકપ્રકાશ શીર્ષક સંક્ષિપ્ત તથા રોચક તો છે જ પણ લોકોનો કેવો પ્રકાશ હોઈ શકે એ આકર્ષણ ઊભું કરીને જિજ્ઞાસા પણ ઉત્પન્ન કરે છે. એટલે પરમ પૂજ્ય ઉપાધ્યાય ભગવંતની યાદશક્તિ, આગમજ્ઞાન અને તર્કવિચારણાની પરાકાષ્ઠાએ પહોંચેલી બુદ્ધિનો પ્રકાશ. લોક કંઈ નાનોસૂનો તો નથી જ એમ પ્રકાશ સમગ્ર લોકને અજવાળે છે, એમ અહીં લોકના સ્વરૂપના વિવિધ પાસા ઉજાગર થયા હશે એ ભાવ વ્યંજિત થાય છે. આ બધા પાસાઓથી વિચારતા લોકપ્રકાશ શીર્ષક યથાર્થ જ છે.

➢ **<u>કર્તાનું પ્રેરકબળ/ પ્રેરક સામગ્રી-</u>**

આ ગ્રંથની રચનામાં એમનું અગાધ જ્ઞાન જ પ્રેરણારૂપ બન્યું હશે. આ લોકનું સ્વરૂપ ભગવંતોએ વિવિધ આગમોમાં બતાવ્યું છે તે સામાન્ય જીવ માટે અવગાહન કરવું દુષ્કર છે, માટે એનું એવું સંકલન હોવું જોઈએ કે એક જ જગ્યાએથી લોકનો પરિચય મળી શકે, બાળજીવો સહજતાથી, સરળતાથી જ્ઞાન પ્રાપ્ત કરી શકે, માટે આ ગ્રંથ રચવાની પ્રેરણા મળી હશે. જે સામગ્રીને કરતાં લખવા પ્રેર્યા હશે એ મુખ્યત્વે ચાર ભાગમાં શકાય.

**૧) જ્ઞાનનો વારસો** - જૈન દર્શનમાં આગમગ્રંથો જ મુખ્ય પ્રમાણ મનાય છે. બીજા ગ્રંથોનું પ્રમાણ આગમને અનુસરવાથી હોય છે. પૂજ્ય વિનયવિજયજી મહારાજનો મુખ્ય મુખ્ય આગમોનો અભ્યાસ અહીં આગમન જ્ઞાનના વારસાને સિદ્ધ કરે છે.

**૨) ભાષાઓનું જ્ઞાન** - ભાષાના જ્ઞાન વગર કૃતિનો વિકાસ રુંધાઈ જાય છે. પૂજ્ય વિનયવિજયજી મહારાજનું સંસ્કૃત, પ્રાકૃત, વ્યાકરણશાસ્ત્ર, આદિનું જ્ઞાન કૃતિ રચવા સક્ષમ હતું.

**૩)ગુરુઓનો અનુગ્રહ** - આગમજ્ઞાન કે ભાષાનાની પ્રાપ્તિ ગુરુની કૃપા વગર તો થાય જ નહીં અને પૂજ્ય વિનયવિજયજી મહારાજ ઉપર તો ગુરુના ચાર હાથ હતા એટલે એમના પર તેમના ગુરુની કૃપા હતી એની પ્રતીતિ આપણને થાય છે.

**૪) પ્રતિભા** - પૂર્વ ત્રણ હેતુ હોય પણ જો પ્રતિભા ન હોય તો આ રચના થવી અસંભવ છે. કર્તા પ્રતિભા સંપન્ન હતા એ તો વિદીત જ છે. જેને કારણે સાગરને ગાગરમાં સમાવ્યાનો પુરુષાર્થ પરમ પૂજ્ય વિનયવિજયજી મહારાજે કર્યો છે.

- **રચના પદ્ધતિ** -

આખા જગતમાં તત્વો પદાર્થોનો સમાવેશ ચાર વિભાગમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં કર્યો છે કુલ ૩૮ સર્ગ છે. સર્ગ એટલે કે આગમ શૈલીનો વિષય - વિભાગ. આમ ૩૮ સર્ગ, દસ હજાર શ્લોક દ્વારા લોકનું સ્વરૂપ વર્ણવ્યું છે. ૧૪૦૦થી વધારે આગમગ્રંથો, પ્રકરણગ્રંથો, પ્રકીર્ણકગ્રંથો આદિના પુરાવા આપ્યા છે. ૩૮ સર્ગોમાં નીચે મુજબ વિષયો છે.

- **દ્રવ્ય લોકમાં- ૧ થી ૧૧ સર્ગ છે, તેમાં આગમ - પ્રકરણ, પ્રકીર્ણગ્રંથોની મળીને ૪૦૨ સાક્ષીઓ છે.**
- **ક્ષેત્ર લોકમાં - ૧૨ થી ૨૭ સર્ગ છે. તેમાં આગમ -પ્રકરણ,પ્રકીર્ણગ્રંથોની મળીને ૫૦૭ સાક્ષીઓ છે.**
- **કાળ લોકમાં - ૨૮ થી ૩૫ સર્ગ છે, તેમાં આગમ - પ્રકરણ, પ્રકીર્ણક ગ્રંથ મળીને ૩૭૬ સાક્ષીઓ છે.**
- **ભાવ લોકમાં - એક જ સર્ગ છે, 36મો સર્ગ, પણ આ એક સર્ગ પણ ઘણું મહત્વનું છે, તેમાં આગમ-પ્રકરણ, પ્રકીર્ણગ્રંથો મળીને કુલ ૨૩ સાક્ષીઓ છે.**

૩૭માં સર્ગમાં પ્રશસ્તિ છે. ૩૮મા સર્ગમાં કયા વિષયો છે એની અનુક્રમણિકા રૂપે જાણકારી આપી છે. આમ કુલ ૧૩૦૮સાક્ષી પાઠો છે. દરેક સર્ગના અંતે શ્લોક દ્વારા પોતાના ઉપકારી ગુરુ તથા સંસારી માતા-પિતાને ખાસ યાદ કરીને કૃતજ્ઞતા ભાવ ઉપરાંત ભક્તિભાવ પ્રદર્શિત કરેલ છે. જે ક્રમથી કલમ ઉપાડીને અવિરત ધારાએ શ્લોકોની રચના કરતા જે જે વિષયો આવ્યા તેના જ્યાં જેવા પુરાવાઓ કે મતાંતર મળ્યા તેને પણ બરાબર સ્થાન આપીને પોતાની શક્તિ સામર્થ્યનો પરિચય આપ્યો છે.

મૂળ રૂપે લખાયેલો લોકપ્રકાશ ગ્રંથ હાલમાં **પાંચ** ભાગમાં ઉપલબ્ધ છે. પહેલા ભાગમાં દ્રવ્યલોક છે, બીજા ભાગમાં ક્ષેત્રલોકનો પૂર્વાર્ધ છે, ત્રીજા ભાગમાં ક્ષેત્ર લોકોનો ઉત્તરાર્ધ છે, ચોથા ભાગમાં કાળનો પૂર્વાર્ધ છે, અને પાંચમાં ભાગમાં કાળલોકનો ઉત્તરાર્ધ છે અને ભાવલોક છે. મૂળ ૨ અલગ-અલગ લહિયાઓથી લખાયેલી હસ્તપ્રતોનો આધાર લીધો છે. પહેલી ૪૯૪ અને બીજી ૫૮૯ પાનાની હસ્તપ્રતને આધારે સંકલન કર્યું છે. વાંચવામાં સરળતા રહે તે માટે પાંચ વિભાગમાં પ્રકાશિત થયો છે. મૂળ ભાષાંતરકર્તા મોતીચંદ ઓધવજી શાહ ભાવનગરના છે. સંચાલક પરમ પૂજ્ય પંન્યાસપ્રવર વજ્રસેન વિજયજી મહારાજ સાહેબ છે. પ્રકાશક કોઠારી ભેરૂલાલ કનૈયાલાલ રિલીજીયસ ટ્રસ્ટ છે.

- **<u>વિષયવસ્તુ -</u>**

આ એક મહત્વનું અંગ છે. વિષયવસ્તુથી ગ્રંથના હાર્દ સુધી પહોંચાય છે. ઘણા બધા રહસ્યોનું ઉદઘાટન પણ થાય છે. પ્રસ્તુત ગ્રંથમાં મુખ્ય મુખ્ય બધા દાર્શનિક પદાર્થોનો સમાવેશ થઇ જાય એ રીતે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનું સ્વરૂપ આલેખવામાં આવ્યું છે. આ એન્સાયકલોપિડિયા (જ્ઞાનકોશ) જેવો મહાન ગ્રંથ છે. ચાર પ્રકારના લોકનું વર્ણન છે, જે નીચે મુજબ છે દ્રવ્યલોક, ક્ષેત્રલોક, કાળલોક અને ભાવલોક એ ચારે લોકોના વિશ્વને સૂક્ષ્મતાથી અને વિસ્તારથી સમજાવવામાં આવ્યા છે. સમગ્ર લોકાલોક, જીવ- અજીવ આદિનું જ્ઞાન પીરસવામાં આવ્યું છે.

જૈન દર્શન અનુસાર વસ્તુવિજ્ઞાન એક મહત્વનો વિષય છે. વસ્તુને જાણવામાં અનેક દ્રષ્ટિકોણ અનેક અપેક્ષાઓ હોય છે, કારણ કે દરેક વસ્તુ અનંત ધર્મો (ગુણો) ધરાવે છે. માટે એની વ્યાખ્યા એક દ્રષ્ટિકોણથી થઈ શકતી નથી, એ ધર્મો અસ્તિત્વરૂપે પણ હોય છે, અને નાસ્તિત્વરૂપે પણ હોઈ શકે. અર્થાત્ એક જ વસ્તુમાં અસ્તિત્વ અને નાસ્તિત્વ બંને પ્રકારના ધર્મ હોઈ શકે. દરેક વસ્તુ સમજવા

માટે, જાણવા માટે દ્રષ્ટિકોણ પણ અનેક પ્રકારના હોય છે, જેમકે તત્વાર્થસૂત્રમાં વસ્તુવિજ્ઞાનના નિર્દેશ, સ્વામિત્વ આદિ ૧૪ કોણ બતાવ્યા છે અનુયોગદ્વાર સૂત્રમાં સત્પદપ્રરૂપણ આદિ નવદ્વાર છે. એમ વિવિધ આગમ ગ્રંથોમાં વિવિધ દૃષ્ટિકોણથી વસ્તુનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે. એ બધામાં ચાર દ્રષ્ટિકોણ મુખ્ય છે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ જાણ્યા વગર વસ્તુનો સમ્યગ બોધ થતો નથી.

વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ અનુસાર ક્ષેત્ર એટલે કે સ્પેસ અને કાળ એટલે કે ટાઈમ વગર વસ્તુની વ્યાખ્યા થઈ શકતી નથી. એમની માન્યતા અનુસાર કાળ અને ક્ષેત્ર બંને વસ્તુના ધર્મ છે. બંને સાપેક્ષ છે. એટલે કાળ અને ક્ષેત્ર વસ્તુની વ્યાખ્યા માટે અનિવાર્ય છે. પરંતુ જૈનદર્શન અનુસાર કાળ અને ક્ષેત્રની જેમ દ્રવ્ય એટલે કે substance અને ભાવ એટલે કે Mode પણ વસ્તુની વ્યાખ્યા માટે અત્યંત આવશ્યક છે. માટે એ ચારેથી વસ્તુનું જ્ઞાન કરવું જોઈએ.

એ ચારેનું નિરૂપણ જૈનાગમોમાં યત્ર - તત્ર સુપેર થયું છે. જૈનાગમોનું જ્ઞાન સ્વયંભૂરમાણ સમુદ્ર જેવું વિશાળ છે. પરમ ઉપકારી દેવાધિદેવ તીર્થંકર ભગવંતો એ જ્ઞાનને અર્થરૂપે પ્રકાશિત કર્યું છે, એ જ્ઞાનને પરમ વિનિત ગણધર ભગવંતોએ પોતાની લબ્ધિ દ્વારા સૂત્રરૂપે ગુંથ્યું છે. એમાં રહેલ તત્વોની ગંભીરતા, વિશાળતા, મહાનતા સામાન્ય જન માટે સમજ બહારની વસ્તુ છે, પરંતુ ક્રમેક્રમે પરંપરામા આવતા અત્યંત તેજસ્વી આચાર્ય ભગવંતોએ એમાંથી જ્ઞાનરૂપ પાણીની છાલક મારી આપણે મોહનિંદ્રા દૂર કરવાના પ્રયત્નરૂપ વિવિધ ગ્રંથોની રચના કરી હતી અને સરળભાષા- ભાવમાં રજૂ કર્યા. ગ્રંથો રચવા એટલે મરજીવિયાની જેમ સાગરમાંથી મોતી મેળવવા જેવું દુષ્કર કાર્ય જે આપણા જેવા પામર જીવને જ્ઞાન આપવા માટેનું એમણે કર્યું છે.

હવે, વિષયવસ્તુમાં ચારે લોક વિશે માહિતી નીચે પ્રમાણે છે.

- **૧) દ્રવ્યલોક-**

જીવ અજીવ રૂપ નિત્યાનિત્ય દ્રવ્યોનું જેમાં વર્ણન છે, એ દ્રવ્ય લોક છે. એના કુલ ૧૧ સર્ગ છે. શરૂઆતમાં મંગલાચરણ કરીને પછી વિષય, સંબંધ, પ્રાયોજન આદિનું અનુસરણ કર્યું છે.

દ્રવ્ય - ભિન્ન ભિન્ન અવસ્થામાં પરિવર્તન થવા છતાં જેનું મૌલિક સ્વરૂપ તેમ જ ક્ષમતા ક્ષીણ થતી નથી તેને દ્રવ્ય કહેવાય છે. દાર્શનિક ભાષામાં જે ગુણ યુક્ત હોય તે દ્રવ્ય કહેવાય છે.

દ્રવ્યલોકની શરૂઆત કરતાં પૂર્વે પરિમાણ બતાવ્યા છે. આખા લોકપ્રકાશ ગ્રંથમાં પ્રમાણ અંકો તથા માનોની જરૂરીયાત પડશે તેથી પ્રારંભમાં એ બતાવીને અભ્યાસીઓ માટે સરળતા કરી આપી છે. જેમ આગમગ્રંથોના અભ્યાસ માટે અનુયોગની સમજ તથા વાંચનનું મહત્વ છે, એ જ રીતે આખા લોકપ્રકાશ ગ્રંથના સમુદ્રમાં સહેલ કરવા માટે ૨૧૪ ગાથાઓનો પહેલો સર્ગ નાવ સમાન છે. બીજા સર્ગમાં ચારે લોકનું નામ નિર્દેશ કરીને ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશસ્તિકાય અને સિદ્ધનું સ્વરૂપ ૧૬૨ ગાથામાં બતાવ્યું છે. ત્રીજો સર્ગ સૌથી મોટો ૧૪૧૮ શ્લોક વાળો છે, સંસારી જીવોનું વર્ણન ૩૭ દ્વાર વડે કરવા માટે પહેલા ૩૭ દ્વારોની વિસ્તૃત સમજણ આપી છે. ચોથા સર્ગથી નવમાં સર્ગ સુધીમાં નારકી, તિર્યંચ, મનુષ્ય, દેવ, પાંચ સ્થાવર ત્રણ વિફ્લેન્દ્રિય એ દરેકને ૩૭ દ્વારમાંથી કઈ કઈ રિદ્ધિ કેટલી હોય? એનું વર્ણન છે. દસમા સર્ગમાં  ભવ સંવેધ, ૯૮ બોલનો અલ્પબહુત્વ, કર્મપ્રકૃતિનું સ્વરૂપ છે. ૧૧માં સર્ગમા પુદગલાસ્તિકાયનું વર્ણન છે. આમ ૧૧ સર્ગમાં છ દ્રવ્યનું નિરૂપણ થયું છે.

દ્રવ્યલોકના ૧૧ સર્ગનો અભ્યાસ કરવાથી એમાનું દ્રવ્ય સમજાતું જશે તેમ તેમ અનેરા આનંદની અનુભૂતિ થશે. આપણે જીવ કેવી કેવી કેટલી પરિસ્થિતિઓમાંથી નીકળીને વિશિષ્ટ સ્થાને પહોંચે છે. તે જાણીને આત્મવિકાસ માટે પ્રેરણા મળે છે. નિગોદથી નિર્વાણની યાત્રા તરફ કેવી રીતે વધાય એનું માર્ગદર્શન મળે છે.

- **<u>૨) ક્ષેત્રલોક -</u>**

વિવિક્ષિત દ્રવ્યના આધારભૂત ક્ષેત્રનું નિરૂપણ જેમા કરવામાં આવ્યું છે, તે ક્ષેત્રલોક છે. વર્તમાનમાં દ્રશ્યજગતથી અદ્રશ્યજગત અનેક ગણું છે. અહીં એ બંનેનું વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. ૧૨ થી ૨૭  એટલે કે ૧૬ સર્ગની અંદર આશરે ૭૨૧૫ ગાથા પ્રમાણ ક્ષેત્રનું વર્ણન કરવામાં આવ્યું છે.

બંને હાથ કટિતટ પર રાખીને કોઈ પુરુષ વૈશાખ સંસ્થાની જેમ (પગ પહોળા કરીને) ઊભો હોય એના જેવો સર્વથા આ લોક છે. અથવા ચિરકાળથી ઉંચા શ્વાસે રહેલો હોવાથી તથા વૃદ્ધાવસ્થાને લીધે બહુ થાકી ગયો કોઈ પુરુષ કેડ પર બે હાથ મૂકીને ઊભો હોય એના જેવો આ લોક છે, કે પછી પોતાના માથે સિદ્ધ પુરુષો રહેલા હોવાથી હર્ષમાં આવી જાય અને નૃત્ય કરવા માટે ચરણ પ્રસારીને ઊભો હોય એવો લાગે છે.

એ ત્રિસરાવસંપૂટ આકારના કહ્યો છે. એટલે કે એક સરાવ (કોડિયું એટલે કે દીવો) ઊંધો મૂક્યો છે, એના ઉપર બીજો સરાવ સીધો મૂક્યો છે, અને તેના ઉપર ત્રીજો સરાવ પાછો ઊંધો મૂક્યો છે. એટલે આ રીતનો આકાર બને તેને ત્રિસરાવસંપુટ કહે છે.

એ લોકને કોઈએ ધરી રાખ્યો નથી એને કોઈએ બનાવ્યો પણ નથી એ સ્વયંસિદ્ધ છે. એવા સ્વરૂપવાળા આ અખિલ લોકના ૧૪ વિભાગ કલ્પેલા છે એ પ્રત્યેક વિભાગ ૧ રજ્જુ (એક વિશિષ્ટ માપ) પ્રમાણે છે. માટે એને ૧૪ રાજલોક કહેવાય છે. એ લોક ઉત્પત્તિ, સ્થિતિ અને લય રૂપ એટલે ઉત્પાદવ્યય દ્રવ્યો યુક્ત છે, અર્થાત્ ત્રિગુણાત્મક એવા 6 દ્રવ્યોથી સંપૂર્ણ ભરેલો છે તેનું વર્ણન અહીં પ્રસ્તુત છે.

બારમા સર્ગમાં સામાન્ય ક્ષેત્રનું નિરૂપણ, દિશાનું નિરૂપણ, લોકમાં રજ્જુ અને ખંડનું સ્વરૂપ, સંવર્તિત લોકનું સ્વરૂપ, તેની મહત્તા, આયામ ઉપર દ્રષ્ટાંત તથા રત્નપ્રભાદિ સાત પૃથ્વી અને વ્યંતરોના નગરાદિનું વર્ણન વિસ્તારથી કરવામાં આવ્યું છે. આ લોક એટલો વિશાળ છે જે શબ્દોથી સમજાય તેમ નથી, માનથી મપાય તેમ નથી તેથી ઉપકારી ભગવંતોએ તે સુંદર દ્રષ્ટાંતથી એની સમજ આપી છે. અસંખ્ય યોજન પ્રમાણનો આ લોક કેવો છે એ સમજાવ્યું છે.

૧૩માં સર્ગમાં ભવનપતિ દેવોનું સ્વરૂપ છે. ચૌદમામાં સાત નરકનું નિરૂપણ થયું છે. પંદરમામાં તિર્યછાલોકનું વર્ણન, સોળમામાં ભરતક્ષેત્ર અંતર્દ્વીપ, હેમવય હરીવર્ષ ક્ષેત્રનું વિસ્તારથી વર્ણન છે. વીસમાં સર્ગમાં મંડલાદિ પાંચ દ્વાર વડે સૂર્ય-ચંદ્રની ગતિની રીત વિસ્તારથી બતાવી છે. તેની સાથે નક્ષત્રના યોગનું દિનવૃદ્ધિ અને ક્ષયાદિનું, ધ્રુવરાહ, પૂર્વરાહનું, તિથિની ઉત્પત્તિ અને ૧૫ દ્વારો વડે નક્ષત્રોનું નિરૂપણ કરેલું છે.

૨૧માં સર્ગમાં લવણ સમુદ્રનું, ૨૨મામાં જુદા જુદા ક્ષેત્રાદિના નિરૂપણ પૂર્વક ઘાતકીખંડ અને કલોદધિનું પૂર્વવત વર્ણન છે, ૨૩ મામાં પુષ્કરાર્ધદ્વીપ અને માનુશોતરના વર્ણન સહિત અઢીદ્વીપના સમસ્ત ક્ષેત્રને પર્વતાદિ તથા શાશ્વત ચૈત્યોનું વર્ણન બતાવવામાં આવ્યું છે. ૨૪મામાં અઢીદ્વીપ બહારના દ્વીપ સમુદ્ર અને સૂર્ય ચંદ્રની શ્રેણીનું વર્ણન છે. ૨૫મામાં ચર સ્થિર એવા ચંદ્રાદિ જ્યોતિષીની વ્યવસ્થિતિનું વર્ણન છે. ૨૬મા સર્ગમાં ઉધરવલોકનું વર્ણન છે. જેમાં બીજા દેવલોક સુધીનું વર્ણન છે. બીજા દેવલોક સુધીના દેવોની સભા વગેરે, આહાર, શ્વાછોશ્વાસ વગેરેનું વર્ણન છે. ૨૭મામાં પૂર્વવત ત્રીજાથી બારમાં દેવલોક, લોકાંતિક, ત્રણ કિલ્વિશી, નવ ગ્રૈવયેક, પાંચ અનુત્તર વિમાન અને સિદ્ધિશીલાનું વર્ણન છે.

અંતે આ ચૌદ રાજલોક પ્રમાણ લોક અલોકની અપેક્ષાએ કેવો લાગે એ બતાવવા કહ્યું છે કે, વિશાળ કુંભની અંદર એક મોતીનો દાણો મૂકવામાં આવે અને બાકી ચારે બાજુ ખાલી રહે એવો આ લોક દેખાય છે.

આ ક્ષેત્રલોક કેટલો વિશાળ છે એની વિચારણા કરતા કરતા વિચારવાનું છે કે, આમાં આપણું સ્થાન ક્યાં? તેમ જ આપણે આત્મા ચૌદ રાજલોકમાં બતાવેલા અનુત્તર વિમાન સિવાયના સર્વ સ્થાનોમાં કેટલી વાર જઈ આવ્યો છે, છતાં સંસારની રખડપટ્ટી ચાલુ જ છે. માટે હવે લોકસ્વરૂપ ભાવનાનું ચિંતન કરીને સંસારના મૂળ કારણભૂત પણ રાગદ્વેષને તોડીને મુક્ત દશા પ્રાપ્ત કરવાની છે.

અસંખ્ય યોજન પ્રમાણ ક્ષેત્ર સર્વ ભગવંતોએ જોયું છે. અને એની અહીંથી અનેક ગણી વિશેષતા બતાવી છે. તે જાણવાથી આપણને અહીં નાનકડાં સામાન્ય સુખમાં રાગ ન થાય તથા નરકાદિ દુઃખોત્પાદક ક્ષેત્રની વિચારણા જરા નાના-મોટા દુઃખમાં દ્વેષ કે દુઃખી ન થવાય તેનું ચિંતન થઈ શકે તો જ ૧૨ ભાવનાઓમાંથી ૧૧મી ભાવના 'લોકસ્વરૂપ ભાવના' ભાવતી વખતે લોકનું જ્ઞાન હોય તો એ ભાવના સારી રીતે ભાવી શકાય.

સંસારનું મૂળ કારણ રાગ દ્વેષ છે. અને ક્ષેત્રવિચાર એ રાગદ્વેષને તોડવામાં મૂળભૂત નિમિત્ત કારણ બની શકે છે. ક્યારેક તો આપણે જે ક્ષેત્રમાં રહેતા હોઈએ એ મોટું હોય તો એનો ગર્વ થાય છે. આપણા રાગ-દ્વેષ દુર થાય એ માટે ક્ષેત્ર લોકનુ અધ્યયન ખૂબ જ જરૂરી છે.

- **3) કાળલોક -**

વિવિક્ષિત દ્રવ્યની કાલાવધિનું નિરૂપણ જેના દ્વારા થાય તે કાળલોક છે. શ્વેતામ્બર પરંપરા પ્રમાણે કાળ બે પ્રકારના છે, નૈશ્ચયિક અને વ્યવહારિક. નૈશ્ચયિક કાળનો સંબંધ પ્રત્યેક અસ્તિત્વની સાથે છે વ્યવહારિક કાળનો સંબંધ સૂર્યની ગતિ સાથે છે.

કાળ સાપેક્ષ નિર્ણયથી વ્યવહાર બરાબર ચાલી શકે છે. જ્યાં કાળસાપેક્ષ નિર્ણય હોય ત્યાં મૂંઝવણ ઊભી થતી નથી. કોઈ વ્યક્તિ પુરુષાર્થ કરવા છતાં પણ સફળ નથી થતી ત્યારે વિચારે છે કે, કેટલી મહેનત કરી પણ કાંઈ ન થયું અને આ વિચારથી દુઃખી થાય છે. પરંતુ અનેકાંતને અનુસરીને વિચારે કે પુરુષાર્થ વર્તમાન પર્યાય છે. વ્યક્તિ પોતાની બુદ્ધિથી, શરીરથી પુરુષાર્થ કરે છે તો પણ જો તે સફળ નથી થતી તો તે કોઈને કોઈ બાધક તત્વો અવશ્ય છે. તે તત્વ અવ્યક્ત પર્યાય, સૂક્ષ્મ

પર્યાય કે પછી ભૂતકાળની પર્યાય છે જે સફળ થવા દેતી નથી. ભૂતકાળને છોડીને વ્યાખ્યા થઈ શકતી નથી, વર્તમાન વિપાકકાળ હોય છે, પરિણામનો કાળ છે તેમજ સંરચનાકાળ, નિર્માણનો કાળ છે. વર્તમાનકાળ પર ભૂતકાળની અસર પડે છે, તેનાથી વર્તમાનકાળ પ્રભાવિત થાય છે તથા તે ભવિષ્યકાળને પણ પ્રભાવિત કરે છે. તેથી વર્તમાનકાળ ભૂતકાળ અને ભવિષ્યકાળની કડી છે. વર્તમાન- સાપેક્ષ નિર્ણયકાળ સાપેક્ષ હોય છે. જે પરમાણુ આજે કાગળરૂપે છે તે કાળના અંતરાલમાં પરિવર્તિત થઈને પાટીરૂપે પણ પરિવર્તિત થઈ શકે છે. એ જ રીતે સફેદ વર્ણ કાળામાં કે કાળો વર્ણ સફેદમાં પરિવર્તિત થઈ જાય છે. એમ કાળસાપેક્ષ વિચારણા કરવામાં આવશે તો દુઃખ નહીં થાય માટે કાળને જાણવો જરૂરી છે.

કાળલોકમાં ૨૮ થી ૩૫ એમ સાત સર્ગ છે. ૨૮માં સર્ગમાં કાળને દ્રવ્ય તરીકે માનવા સંબંધી બે મત રજૂ કરીને આગમથી એને દ્રવ્યપણે સિદ્ધ કરેલ છે. ત્યારબાદ ૬ ઋતુ, કાળગોચર, સમય, આવલિકા, ક્ષુલ્લક, ઘડી, મુહૂર્ત, દિવસ, પક્ષ, માસ, પાંચ પ્રકારના માસ યુગ, આદિનું વર્ણન છે.

૨૯મા સર્ગમાં યુગથી માંડીને પ્રહલિકા સુધીના અંકો તથા અવસ્વર્ણીના પહેલા ત્રણ આરાનું વર્ણન તેમજ કલ્પવૃક્ષ અને યુગલિકોનું વર્ણન છે.

- **૩૦માં સર્ગમાં જિનેશ્વરોના જન્મથી માંડીને નિર્માણનું નિરૂપણ છે.**
- **૩૧મા સર્ગમાં ચક્રવર્તીની રાજવી, વાસુદેવ, બળદેવ અને પ્રતિવાસુદેવનું વર્ણન છે.**
- **૩૨માં સર્ગમાં ઋષભાદિ, ચોવીસે જીનેશ્વરોનુ પૂર્વભવથી માંડીને સંક્ષિપ્તથી ચરિત્રવર્ણન છે.**
- **૩૩માં સર્ગમાં અવસ્પર્ણીના શેષ શલાકા પુરુષોનું ચરિત્ર વર્ણન છે.**
- **૩૪માં સર્ગમાં પાંચમા-છઠ્ઠા આરાનું વર્ણન છે.**
- **૩૫માં સર્ગમાં ચાર પ્રકારના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ યુદગલ પરાવર્તનનું સ્વરૂપ, આઠ વર્ગણા, કર્મ પરમાણુમાં રહેલા અનુભાગના સ્પર્ધકોનો સ્વરૂપ ઇત્યાદિ વર્ણનો છે.**

આ ભાવોને જાણીને વિચારવાનું છે કે, આપણે કેટલા કાળથી આ સંસારમાં ભમીએ છીએ હવે ચરમાવર્તકાળમાં આવવાનો પુરૂષાર્થ કરીને આદિ અંતકાળમાં સ્થિર થઈ જઈએ.

## ૪) ભાવલોક -

વિવિક્ષિત દ્રવ્યોમાં ઐદયિક, પારિણામિક આદિ ભાવોનું નિરૂપણ થયું છે. ઐદયિક આદિ છ ભાવોનું વર્ણન સમ્યકરૂપે કરીને એક જ સર્ગમાં ભાવલોક સમાપ્ત કર્યો છે.

આત્મા જે જે રૂપે હોય તે તે રૂપનું નામ ભાવ છે. અથવા જેના દ્વારા પદાર્થોનો વિચાર કરવામાં આવે તે ભાવ. ભાવ ૬ છે. ઔપશામિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઐદયિક, પરિણામિક અને સન્નીપાત ભાવ. એમાં ઔપશામિકના ૨, ક્ષાયિકના ૯, ક્ષાયોપશમિકના ૧૮,ઐદયિકના ૨૧, પરિણામિકના ૩ કુલ ૫૩ ભેટ કહ્યા છે. સન્નીપાતિક ભાવના ૨૬ ભાંગા છે એમાંથી ૬ ઉપયોગી છે બાકીના ૨૦ ઉપયોગમાં આવતા નથી. એની છણાવટ કરવામાં આવી છે. બે ભાવો મળીને દ્વિકસંયોગી ભાંગો થાય એની સંખ્યા ૧૦ છે. ત્રણ ભાવો મળીને ત્રિકસંયોગીના ભાંગા થાય અને પાંચે ભાવો મળીને એક જ ભાંગો થાય છે એમ કુલ ૨૬ ભાંગા થાય છે. જે નીચે મુજબ છે.

દ્વિકસંયોગીના ૧) ઉદય, ઉપરામ, ૨) ઉદય, ક્ષાયિક ૩) ઉદય, ક્ષયોપરામ ૪) ઉદય, પારિણામિક ૫) ઉપરામ ક્ષાયિક ૬) ઉપરામ ક્ષયોપરામ ૭) ઉપરામ, પારિણામિક ૮) ક્ષાયીક- ક્ષયોપરામ ૯) ક્ષાયક- પારિણામિક ૧૦) ક્ષયોપરામ- પારિણામિક. આ દસમાંથી નવમો ભંગો સિદ્ધિને લાભે છે. એટલે એક ભાંગો ઉપયોગી છે.

ત્રિકસંયોગીના ૧) ઉદય- ઉપરામ- ક્ષાયીક ૨) ઉદય- ઉપરામ- ક્ષયોપરામ ૩) ઉદય- ઉપરામ- પારિણામિક ૪) ઉદય- ક્ષાયીક- ક્ષયોપરામ ૫) ઉદય- ક્ષયીક- પારિણામિક ૬) ઉદય- ક્ષયોપરામ- પારિણામિક ૭) ઉપરામ- ક્ષાયિક- ક્ષયોપરામ ૮) ઉપરામ - ક્ષાયિક- પારિણામિક ૯) ઉપરામ- ક્ષયોપરામ- પારિણામિક ૧૦) ક્ષાયિક- ક્ષયોપરમિક- પારિણામિક.

આ દસમાંથી પાંચમો ભાંગો ૧૩માં ૧૪માં ગુણસ્થાને લાભે. છઠ્ઠો ભાંગો ચારે ગતિમાં (પ્રથમ સાત ગુણસ્થાન સુધી) લાભે.

ચતુસંયોગીના ૧)ઉદય, ઉપરામ, ક્ષાયીક, ક્ષયોપરામ ૨) ઉદય, ઉપરામ, ક્ષાયિક, પારિણામિક ૩) ઉદય, ઉપરામ, ક્ષાયિક, પારિણામિક ૪) ઉદય, ક્ષાયિક, ક્ષયોપરામ, પારિણામિક એ પાંચ ભાંગામાંથી ત્રીજો ભાંગો ચાર ગતિ અને ૪થી ૧૧ ગૃહસ્થાનમાં લાભે. ચોથો ભાંગો ચાર ગતિ તથા ૪ થી ૧૨ ગુણસ્થાનમાં લાભે.

પાંચસંયોગીનો ૧ થી ૪ ભાંગો ઉદય, ઉપરામ, ક્ષાયિક, ક્ષયોપરામ, પારિણામિક, ક્ષાયીક, સમકિતી જીવ ઉપરામ શ્રેણી માંડે ત્યારે આ ભાંગો લાભે. આમ છ ભાંગા ઉપયોગી છે બાકીના નહીં.

આમ કુલ છ ભાંગા આ જીવમાં સંભવે છે તે બતાવીને ૧૪ ગુણસ્થાનમાં ભાવ અને ઉત્તરભાવ બતાવ્યા છે. ઉપરામ, ક્ષયિક, અને ક્ષયોપરામ એ ત્રણ ભાવ જીવોને જ હોય છે. પણ ઉદય અને પારિણામિક એ બે ભાવ જીવ- અજીવ બંનેમાં હોય છે.

આમ એક સર્ગમાં ભાવલોક હોવા છતાં એના ભાવ આત્મસાત થવા દુષ્કર છે. ભાવ આત્મસાત થાય તો મોક્ષ નજીક બની જાય આમ આ ચાર લોકનું જ્ઞાન જાણવા કેવું છે.

આમ પરમ પૂજ્ય ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મુનિએ પોતાના અગાધ જ્ઞાનને ચિતમાં સ્થિર કરીને શબ્દોથી લોકપ્રકાશરૂપ વિશાળ વટવૃક્ષ બનાવ્યું છે.

****************************